सत्यमेव जयते

કેસ રજુ તા. ૦૫–૦૫–૨૩
દાખલ તા. ૦૫–૦૫–૨૩
ફેંસલ તા. ૨૨–૦૬–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૧૪/૨૦૨૩
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** ૧) **નીરૂભાઈ ભરતભાઈ ભોજૈયા,**
ઉ.વ.આ. ૧૯, ધંધો– મજુરી,

૨) **ભરતભાઈ નાનજીભાઈ ઉર્ફે નાગરભાઈ ભોજૈયા,**
ઉ.વ.આ. ૫૫, ધંધો– મજુરી,

૩) **જગદીશભાઈ ઉર્ફે મોતીભાઈ ભરતભાઈ ભોજૈયા,**
ઉ.વ.આ. ૨૫, ધંધો– મજુરી,

૪) **અવસરભાઈ ઉર્ફે અવશેર ઉર્ફે પુપો ભરતભાઈ ભોજૈયા,**
ઉ.વ.આ. ૩૦, ધંધો– મજુરી,
તમામ રહે. સરવા ગામ, તા. જી. બોટાદ.

---

**ગુનોઃ–** ઈ.પી.કો. કલમ–૩૫૪(એ)(૧)(આઈ), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ – ૭, ૮ તથા જી.પી.એક્ટ કલમ – ૧૩૫ મુજબનો ...

---

---

ફરીયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – કે.એમ.મકવાણા.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી – બી.એમ.સાંકળીયા.

---

**–: ચુકાદો :–**

૧.) ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી કે જે આ કામના ભોગબનનાર ઉમર ૧૧ વર્ષ ૦૫ માસ ૧૧ દિવસ છે તેણીને આ કામના

આરોપી નં. ૧ નીરૂભાઈ અવાર નવાર તેઓની સાથે બોલવા માટે કહેતા હોય અને જો નહી બોલે તો તારા મા–બાપને પતાવી દઈશ તેવી ધમકી આપી તા.૨૯/૦૩/૨૦૨૩ ના ક.૧૭.૦૦ વાગ્યે ફરિયાદીની સગીર વયની દીકરી પ્રાથમિક શાળાએથી ઘરે આવતી હતી ત્યારે આરોપી નીરૂભાઈ ફરિયાદીની સગીર વયની દીકરીનું બાવડુ પકડી ખેચતો હતો જે ફરિયાદી જોઈ જતાં આરોપીએ ફરિયાદીની દીકરીનો હાથ મુકી દીધેલ. ત્યારબાદ ફરિયાદી આ કામના આરોપી નીરૂભાઈના ઘરે તેના પિતા ભરતભાઈને ઠપકો આપવા જતાં આરોપી નીરૂભાઈ તથા તેના પિતા ભરતભાઈ તથા તેના બે ભાઈ મોતીભાઈ અને અવસરભાઈ ઉર્ફે અવશેર ઉર્ફે પુપો ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ભુંડાબોલી ગાળો આપી, આરોપી નં. ૧ નાએ લાકડીથી ફરિયાદીના જમણા પોચા પર તથા આરોપી નં. ૨ નાએ ધારીયા વડે ફરિયાદીના ડાબા પગે નળાના ભાગે માર મારી ઈજા પહોચાડેલ તેમજ આરોપી નં. ૩ તથા ૪ નાઓએ લાકડીઓ લઈ ફરિયાદીને મારવા દોડી, ફરિયાદીના આખા ઘરને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બોટાદના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ગુનો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૧૧૯૦૦૦૫૨૩૦૧૨૮/૨૦૨૩ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

**૨.)** આરોપીઓ વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીઓની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

**૩.)** તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી, અને ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપીઓ વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

૪.) ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૧૪/૨૦૨૩ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી બી.એમ.સાંકળીયા હાજર થયેલા.

પ.) શ્રી સરકારપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૦૩ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આરોપીઓ વિરૂદ્ધ આંક – ૦૬ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ તહોમતનામાં લગત આંક – ૦૭ થી આંક – ૧૦ સુધી આરોપીઓનો જવાબ નોંધતાં આરોપીઓએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

૬.) આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૧૩ | ફરિયાદી | ફરિયાદી |
| ૨. | ૧૫ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | ૧૮ | લલીતભાઈ ભગાભાઈ ડાંગર | સાહેદ |
| ૪. | ૧૯ | જૈમીનભાઈ હીતેન્દ્રભાઈ ચૌહાણ | ત.ક.મંત્રી |
| ૫. | ૨૪ | ડો. સચ્ચીદાનંદ સીતારામ પ્રસાદ | મેડિકલ ઓફિસર |
| ૬. | ૨૭ | રણજીતભાઈ હઠીભાઈ ચૌહાણ | પંચસાહેદ |
| ૭. | ૨૯ | દિલીપભાઈ રાયસંગભાઈ ચૌહાણ | પંચસાહેદ |
| ૮. | ૩૧ | વશરામભાઈ બચુભાઈ અણીયાળીયા | પંચસાહેદ |
| ૯. | ૩૯ | ઉમેદસિંહ ભીમજીભાઈ ગોહિલ | પંચસાહેદ |
| ૧૦. | ૪૧ | યોગેશભાઈ શંકરભાઈ દલવાડી | સાહેદ |
| ૧૧. | ૪૪ | યોગરાજસિંહ અનિરૂદ્ધસિંહ ઝાલા | પી.એસ.ઓ. |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | ૪૭ | શૌરીન રમેશભાઈ ખરાડી | ત.ક.અધિકારી |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | ફરિયાદ |
| ૨. | ૧૬ | ભોગબનનારનું સી.આર.પી.સી. ૧૬૪ મુજબનું નિવેદન |
| ૩. | ૨૦ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૪. | ૨૧ | વિછીયા ગ્રામ પંચાયતના જન્મમરણ રજીસ્ટરના ઉતારાની ખરીનકલ |
| ૫. | ૨૫ | ઈજાપામનારનું સારવાર સર્ટીફિકેટ આપવા સી.એચ.સી. પાળીયાદને કરેલ યાદી |
| ૬. | ૨૬ | ઈજાપામનારનું એમ.એલ.સી. સર્ટીફિકેટ |
| ૭. | ૨૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૮. | ૩૨ | આરોપીઓની અટક પંચનામુ |
| ૯. | ૩૩-૩૬ | આરોપીઓ પાસેથી મુદ્દામાલ હથિયારો કબજે કર્યા અંગેની પંચસ્લીપો |
| ૧૦. | ૪૨ | હથિયારબંધી જાહેરનામુ |
| ૧૧. | ૪૫ | સદર ગુન્હાની તપાસ સી.પી.આઈ. બોટાદને સોંપવા કરેલ હુકમ |
| ૧૨. | ૪૮ | ભોગબનનારના જન્મ અંગેની ખરાઈ કરવા પો.સ.ઈ., પાળીયાદને કરેલ યાદી |
| ૧૩. | ૪૯ | કાઉન્સેલર તરફથી મળેલ ભોગબનનારનું નિવેદન |
| ૧૪. | ૫૦ | આરોપીની અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પી.એસ.ઓ.ને કરેલ યાદી |
| ૧૫. | ૫૧ | ભોગબનનાર બનાવના દિવસે શાળાએ ગયા હતા તે અંગેનો પુરાવો મેળવવા માટે ભોગબનનારની સરવા પ્રાથમિક શાળાનું માર્ચ-૨૦૨૩ નું હાજરી પત્રક |
| ૧૬. | ૫૨ | ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ - ૧૬૪ મુજબનું નિવેદન લેવા બોટાદ ચીફ કોર્ટમાં કરેલ યાદી |
| ૧૭. | ૫૩ | બોટાદ ચીફ કોર્ટ દ્વારા ભોગબનનારનું નિવેદન લેવડાવવા મળેલ યાદી |

**૭.)** ઉપરોક્ત વિગતે ફરિયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક- ૫૪ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો

કરેલ ન હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદીએ દ્વેશભાવથી ખોટી હકીકતની ખોટી ફરિયાદ વિરોધાભાસવાળી કરેલ છે. બનાવના દિવસે ફરિયાદ દેતા નથી તેથી શંકાસ્પદ છે. તેઓ વિરૂદ્ધ ગુન્હો બનતો ન હોઈ ખોટુ ચાર્જશીટ ભરેલ છે.

૮.) ત્યારબાદ ફરિયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪ હેઠળ વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી બી.એમ.સાંકરીયાની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

૮.૧) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ભોગબનનાર, ફરિયાદી તથા અન્ય સાહેદો દ્વારા બનાવની હકીકતોને સોગંદ ઉપર સમર્થન આપવામાં આવેલ છે. વિશેષમાં, મેડિકલ ઓફિસર તથા પંચસાહેદોની જુબાની જોતા તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા આ ગુના સબંધે થયેલી તપાસ ધ્યાનમાં લેતાં આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર થતો હોય, આરોપીઓને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા તથા દંડ કરવા વિનંતી કરેલ છે.

૮.૨) જ્યારે બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી બી.એમ.સાંકરીયા દ્વારા આંક – ૫૬ અન્વયે લેખિત દલીલો રજૂ કરી જણાવવામાં આવેલ છે કે, આ બનાવની ફરિયાદ મોડી આપવામાં આવેલી. વિશેષમાં, ફરિયાદીની જુબાની જોતા આરોપીઓ દ્વારા તેઓને લાકડીઓ વડે ઈજા કરવામાં આવી હોય તે સંબંધે શંકા ઉપસ્થિત થાય છે, કારણ કે આરોપીઓએ ફરિયાદી ઉપર ફરિયાદ દાખલ કરેલી જેમાં આરોપીઓને પણ ઈજા થયેલી જેનો કોઈ ખુલાસો થયેલ નથી. વિશેષમાં, ભોગબનનારની જુબાની જોતા તેમાં ઘણો વિરોધાભાસ જોવા મળે છે. તેઓ દ્વારા મેડિકલ ઓફિસર સમક્ષ આપવામાં આવેલ હીસ્ટ્રી જોતા પણ તેઓ પોક્સો એક્ટ અન્વયેના કોઈ ગુના સંબંધે હીસ્ટ્રી જણાવતા નથી. અન્ય આરોપીઓ દ્વારા ફરિયાદીને ડાબા પગે ધારીયાનો ઘા કરવામાં આવ્યો હોય તેવી કોઈ હકીકત મેડિકલ હીસ્ટ્રીમાં જણાતી નથી તેમજ અન્ય સાહેદોની જુબાની જોતાં આરોપીઓ વિરૂદ્ધનો કેસ

શંકારહિત પુરવાર થતો નથી. તે સંજોગોમાં આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

– આરોપીઓ તરફે તેઓની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરવામાં આવેલા છે.

**(૧) જીવણભાઈ વિઠ્ઠલભાઈ ચાવડા વિરૂદ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૮ (૩) જી.એલ.એચ. ૪૧૮.**

**(૨) રહેમત વિરૂદ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, ૧૯૯૭ ક્રિમિનલ લો જનરલ ૭૬૪.**

**(૩) રફીકભાઈ એસ.ડોડીયા અને અન્ય વિરૂદ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૦૭(૩) જી.એલ.એચ. ૭૦૧.**

૯) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧.) શું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી કે જે આ કામના ભોગબનનાર ઉમર ૧૧ વર્ષ ૦૫ માસ ૧૧ દિવસ છે તેણીને આ કામના આરોપી નં. ૧ નીરૂભાઈ અવાર નવાર તેઓ સાથે બોલવા માટે કહેતા હોય અને જો નહી બોલે તો તારા મા–બાપને પતાવી દઈશ તેવી ધમકી આપી તા.૨૯/૦૩/૨૦૨૩ ના ક.૧૭.૦૦ વાગ્યે ફરિયાદીની સગીર વયની દીકરી પ્રાથમિક શાળાએથી ઘરે આવતી હતી ત્યારે આરોપીઓ નીરૂભાઈ ફરિયાદીની સગીર વયની દીકરીનું બાવડુ પકડી ખેચતો હતો જે ફરિયાદી જોઈ જતાં આરોપીઓએ ફરિયાદીની દીકરીનો હાથ મુકી દીધેલ. ત્યારબાદ ફરિયાદી આ કામના આરોપીઓ નીરૂભાઈના ઘરે તેના પિતા ભરતભાઈને ઠપકો આપવા જતાં આરોપીઓ નીરૂભાઈ તથા તેના પિતા ભરતભાઈ તથા તેના બે ભાઈ મોતીભાઈ અને અવસરભાઈ ઉર્ફે અવશેર ઉર્ફે પુપો ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ભુંડાબોલી ગાળો આપી, આરોપી નં. ૧ નાએ લાકડીથી ફરિયાદીના જમણા પોચા પર તથા આરોપી નં. ૨ નાએ ધારીયા વડે ફરિયાદીના ડાબા પગે નળાના ભાગે માર મારી ઈજા

પહોચાડેલ તેમજ આરોપી નં. ૩ તથા ૪ નાઓએ લાકડીઓ લઈ ફરિયાદીને મારવા દોડી, ફરિયાદીના આખા ઘરને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બોટાદના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ- ૩૫૪(એ)(૧)(આઈ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ - ૭, ૮ તથા જી.પી.એક્ટ કલમ - ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) **અંશતઃહકાર**

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**-: કારણો :-**

**૧૦.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **સાહેદ નં. ૧ ફરિયાદીને આંક - ૧૩** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે જેની જન્મ તારીખ ૧૯/૧૦/૨૦૧૧ છે. બનાવ સમયે તેમની દીકરી ભોગબનનાર પ્રાથમિક શાળામાં ધોરણ-૬ મા અભ્યાસ કરતી હતી. તારીખ ૦૩/૦૩/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગે લલિત સાહેબનો તેમને ફોન આવેલો તેઓએ તેમને પ્રાથમિક શાળામાં બોલાવેલા ત્યારબાદ તેઓ તે જ દિવસે પ્રાથમિક શાળામાં ગયેલા તે વખતે લલિત સાહેબે તેમને વાત કરેલી કે તમારી દીકરી ભોગબનનાર ધોરણ ૬ માં તેમની પાસે અભ્યાસ કરે છે તેણે મને વાત કરેલ છે કે, *''તમારી જ્ઞાતિનો નીરુ નામનો છોકરો તેને હેરાન પરેશાન કરે છે. ''* ત્યારપછી તેમણે તથા તેમની પત્ની અસ્મિતાએ તેમની દીકરી ભોગબનનારને આ બાબતે પૂછપરછ કરતા ભોગબનનારે તેમને જણાવેલું કે, આપણી જ્ઞાતિનો નીરૂ ભરત ભોજૈયા તેમને પંદર દિવસથી સ્કૂલે જતા-આવતા હેરાન કરે છે અને એવું કહે છે કે *''મારી સાથે બોલ નહીંતર તારા મા-બાપને પતાવી દઈશ.''* તેમની દીકરીએ

તે વખતે એવું કહેલું કે તેમને એનાથી બીક લાગતા આ વાત તેમણે ઘરમાં કરેલી નહીં. ત્યારબાદ તેઓ ભરતના ઘરે ગયેલા અને આ બાબતે તેમણે તેના દીકરા વિશે ભરતને વાત કરેલી અને જણાવેલું કે તેમની દીકરી ભોગબનનારને તમારો દીકરો હેરાન કરે છે. તેથી તેને ઠપકો આપવાનું કહી તેઓ ઘરે આવતા રહેલા.

ત્યારબાદ તેઓ તથા તેમની પત્ની તેમની ભોગબનનાર દીકરીને સ્કૂલમાં મૂકવા જતા હતા તેમ જ સ્કૂલમાંથી પરત તેઓ તેમની ભોગબનનાર દીકરીને લેવા જતા હતા. ત્યારબાદ તારીખ ૨૭/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ તેમના કારખાનેથી તેમની ભોગબનનાર દીકરીને લેવા જતા તેમને બે મિનિટ મોડું થયેલું અને તેઓ કારખાનેથી નિકળી ધાવડી માતાના મંદિર પાસે પહોંચેલા તે વખતે તેમને હકાભાઇ ચતુરભાઈ તાવિયા મળેલા અને તેઓ તેમની સાથે ઘઉં બાબતે ભાવતાલની વાત કરતા હતા તે વખતે ત્યાંથી નીરૂ નામનો છોકરો તેમની દીકરીનું બાવડું પકડીને ખેંચતો નિકળેલો હતો તેથી તેમણે બૂમ પાડતા નીરૂએ તેમની ભોગબનનાર દીકરીનું બાવડું મૂકી દીધેલું હતું. આ બનાવ સાંજના આશરે ૫:૩૦ વાગે બનેલો. તે વખતે તેમની પ્રાથમિક શાળાના વિનુ સાહેબ પણ ત્યાંથી પસાર થયેલા હતા તેથી તેમણે તેમને આ બાબતે વાત કરેલી. તે પછી તેમણે તેમની દીકરીને ઘરે મૂકીને ભરતના ઘરે તેઓ તથા તેમની પત્ની ગયેલા. જે જગ્યાએ તેમની દીકરી સાથે નીરૂએ છેડછાડ કરેલી તે જગ્યાએ નીરૂએ તેમને કહેલું કે, *''તારી દીકરી સાથે ખરાબ કામ કરવું છે.''* આવું કહેતા તેમણે તેને કહેલું કે *"ચાલ તારા બાપા પાસે"* તે વખતે તે ખરાબ ગાળો બોલવા લાગેલા તેથી તેઓ તેમની દીકરીને મૂકીને તેના વડીલ પાસે તેમની પત્ની સાથે ગયેલા અને ભરતને તેમણે જઈને કહેલું કે તારા દીકરાને સમજાવી દે. તે વખતે ભરતે ઉશ્કેરાઈ જઈ હાથમાં ધારીયુ લઈને તથા નીરૂએ હાથમાં લાકડી લઈને તથા મોતી અને અવસર આ બધાએ લાકડી લઈને તેમને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો બોલવા લાગેલા અને તેમને તથા તેમના પત્નીને મારવા દોડેલા. તેથી તેઓ તેમના ઘરે જતા રહેલા. પરંતુ આ ચારેય જણા તેમના ઘરે આવેલા અને તેમને ભરતે પગના ડાબા ભાગે 'ઊંધા ધારિયાનો' એક ઘા મારેલો તેમજ નીરૂએ જમણા હાથના પહોંચા ઉપર એક ઘા 'લાકડી' નો મારેલો. તે વખતે તેઓ

અને તેમના પત્નીએ ઘર બંધ કરી દેતા ચારેય જણા કહેતા હતા કે બહાર નિકળો આજે આખા ઘરને પતાવી દેવું છે. તેથી તેમના પત્નીએ ૧૮૧ નંબર ઉપર ફોન કરતા પોલીસની ગાડી આવેલી અને તેઓ તથા તેમના પત્ની તથા તેમની દીકરી પાળીયાદ પોલીસ સ્ટેશનને ગયેલા અને આ ચારેય વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવેલી અને પોલીસ સ્ટેશનથી તેઓ સારવાર લેવા માટે પાળીયાદ સરકારી દવાખાનામાં ગયેલા જ્યાં તેમની સારવાર કરવામાં આવેલી સરકારી દવાખાનામાં તેમના કુટુંબીઓ વિનોદ અને વિજય આવી ગયેલા. ફરિયાદીને પોતાની ફરિયાદ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી, સદરહુ ફરિયાદ આંક–૧૪ થી રજુ રાખેલ છે. ફરિયાદ આપ્યા બાદ પાળીયાદ પોલીસ સ્ટેશનથી પોલીસના સાહેબ પંચનામુ કરવા આવેલા. તેમને અમોએ ગુના વાળી જગ્યા બતાવેલી. બનાવ વખતે ચારેય જણના હાથમાં જે હથિયારો હતા તે હથિયાર તેમણે જોયેલા. ભરતના હાથમાં 'ધારીયુ' હતું જે લોખંડના હાથાવાળું હતું. બીજા ત્રણના હાથમાં લાકડીઓ હતી જે લાંબી લાકડીઓ હતી. સદરહુ મુદ્દામાલ હથિયારો ફરિયાદીને બતાવતા તે તેઓ ઓળખી બતાવે છે. આરોપીઓને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. બનાવ વખતે તેમની ભોગ બનનાર દીકરીની ઉંમર ૧૧ વર્ષની હતી. તેમણે પોલીસને તપાસ દરમિયાન તેમની દીકરીના જન્મના તમામ આધાર પુરાવાઓ આપેલા.

➞ બચાવપક્ષે ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તમારી દીકરીની સ્કૂલ કેટલા વાગે છૂટે છે? તેના જવાબમાં ફરિયાદીએ જણાવેલ છે કે, પાંચ વાગ્યે છૂટે છે. તમે ઘઉંના ભાવ પૂછ્યા તે કયા સ્થળે પૂછ્યા? તેના જવાબમાં જણાવે છે કે, ધાવડીમાંના મંદિર પાસે પૂછ્યા હતા. ધાવડી મા ના મંદિર થી સ્કૂલ કેટલી દુર? આ પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, આશરે ૨૦ થી ૨૫ ફૂટ દૂર હશે. આ જગ્યા જાહેર રોડ છે સાહેદ જણાવે છે કે જાહેર બજાર પણ છે. સદરહુ સ્થળ ઉપર ઘણા બધા માણસોની અવર જવર હોય છે. તમે ધાવડીમાંના મંદિરે પહોંચ્યા ત્યારે કેટલા વાગ્યા હતા? આ પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, આશરે ૫:૩૦ વાગ્યા હતા. તેમની દીકરીને નીરુ દ્વારા છેડવામાં આવતી હોવાની હકીકતની સ્કૂલના સાહેબ લલીતભાઈ દ્વારા તેમને જણાવવામાં આવ્યું તે પછી તેમણે પોલીસમાં આ

બાબતે કોઈ ફરિયાદ આપી ન હતી. સાહેદ જણાવે છે કે તેઓ તથા તેમના પત્ની આ બાબતે નીરૂના પિતાને કહેવા ગયેલા હતા. વિનોદ નાગર તથા વિજય દુલા સુરત મુકામે રહે છે. તેઓએ તેમની ફરિયાદ ૨૯ તારીખે આપેલી અને તેઓ આખી રાત પોલીસ સ્ટેશનમાં રહેલા બીજા દિવસે સવારે પોલીસના સાહેબ આવ્યા ત્યારપછી તેમની ફરિયાદ લેવામાં આવેલી. બીજા દિવસે કેટલા વાગે ફરિયાદ લીધી? તેના જવાબમાં જણાવે છે કે, આશરે બપોરના સુમારે એકાદ વાગ્યો હશે ત્યારે ફરિયાદ લીધેલી. તેઓનું મકાન તથા આરોપીઓનું મકાન જુદી જુદી શેરીમાં આવેલું છે.

**<u>ફરિયાદીના પુરાવાનુ મુલ્યાંકનઃ</u>**

– ઉપરોક્ત ફરિયાદીની સમગ્રપણે જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આરોપી નં. ૧ તેમની ભોગબનનાર દીકરીને અવાર નવાર સ્કુલે જતી વખતે હેરાન કરવા આવતા હતા અને તે અંગે તેના માતા પિતાને જણાવતા તેઓ દ્વારા ફરિયાદી તથા તેમના પત્નીને મારવા દોડેલા અને તેઓને ડાબા પગે ધારીયાનો ઘાર મારેલો તેમજ આરોપી નં. ૧ એ જમણા હાથે ફરિયાદીને લાકડીનો ઘા મારેલો. વિશેષમાં તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજ પણ આરોપી નં. ૧ તેમની દીકરીનું બાવડુ પકડીને ખેંચતો હતો, જે તમામ હકીકતે ફરિયાદીએ આંક – ૧૪ વાળી ફરિયાદ આપેલી. આરોપી તરફે થયેલી ઉલટતપાસ જોતા એવી કોઈ હકીકત જણાય આવતી નથી કે જેના કારણે આ સમગ્ર બનાવ અંગે શંકા ઉપસ્થિત થાય. અગાઉ આરોપી નં. ૧ નાઓ દ્વારા ભોગબનનારની છેડતી કરવામાં આવેલી તે સંબંધે પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ આપવામાં આવેલ નથી તે હકીકત માત્રથી ફરિયાદીની ફરિયાદ ખોટી ગણી શકાય નહી. વિશેષમાં, આ બનાવ સંબંધે ભોગબનનાર જે સ્કુલમાં અભ્યાસ કરતા હતા તેઓના શિક્ષકો દ્વારા પણ આ બનાવની હકીકતોને સમર્થન આપવામાં આવેલ છે. તે સંજોગોમાં આરોપી નં. ૧ નાઓ દ્વારા અવાર નવાર ભોગબનનારની છેડતી કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે. તેમજ આરોપીઓએ ફરિયાદીને ધારીયા તેમજ લાકડી જેવા હથિયાર સાથે આવી ડાબા પગે તથા જમણા હાથે ઈજા પહોચાડવામાં આવેલી છે તેમજ મારી નાખવાની ધમકી પણ આપવામાં આવેલી છે. તે અંગે ફરિયાદીએ પાળીયાદ સરકારી દવાખાને સારવાર પણ

લીધેલી. તે સંજોગોમાં ફરિયાદીની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો પુરાવો જણાય છે.

**૧૧.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ભોગબનનારને આંક – ૧૫** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તમારી જન્મતારીખ શુ છે? તેના જવાબમા ભોગબનનારે જણાવેલ કે, ૧૯/૧૦/૨૦૧૧ છે. બનાવ વખતે કયા ધોરણમા ભણતા હતા? તેના જવાબમા જણાવે છે કે, છઠ્ઠા ધોરણમાં ભણતી હતી. બનાવ બન્યો તેને કેટલો સમય થયો? તેના જવાબમા જણાવે છે કે, આશરે આઠ-નવ મહિના થયા છે. બનાવમાં શુ થયેલુ? તેના જવાબમા જણાવે છે કે, 'તેણી બનાવ વખતે સવારે ૧૦.૦૦ વાગ્યે સ્કુલમાં જતી હતી અને ૦૫.૩૦ વાગ્યે છુટતી હતી. તે દિવસે બુધવાર હતો. તેણી સ્કુલેથી છુટીને તેમના ઘરે આવતી હતી તે વખતે તેમના સ્કુલની બહાર નીરુ ભરતભાઇ તેણીનો હાથ પકડીને ખેચવા લઇ જતો હતો. તે તેણીને તેમના ઘરે લઇ જતો હતો. તે વખતે તેમના પપ્પા આવી ગયેલા અને તેમણે તેણીનો હાથ છોડાવેલો. આરોપીએ તેણીનો હાથ પકડીને ખેચ્યો તે વખતે તેણી એકદમ ડરી ગયેલી હતી. તેણીને એવો ડર લાગેલો કે તે તેણી સાથે કઇંક ખરાબ કામ ન કરે. નીરુ તેણીનો હાથ પકડીને ખેચતો હતો તે વખતે તેનો મિત્ર હતો તેનુ નામ તેણીને ખબર નથી પણ તેને ગામમા કુકડો કહે છે. તે પણ તે વખતે નીરુની સાથે હતો. તેમના પપ્પા આવી ગયેલ તેમણે તેણીનો હાથ છોડાવેલો અને પછી તેઓ ઘરે આવેલા.' ત્યારપછી તેમના પપ્પા નીરુના ઘરે તેને ઠપકો આપવા ગયેલા. અને તેને ઠપકો આપી ઘરે આવેલા અને ત્યારપછી થોડી વારમાં નીરુ, મોતી, અવસર અને તેના પપ્પા ભરતભાઇ લાકડીઓ લઇને મારવા આવેલા. તે વખતે નીરુના પપ્પા ભરતભાઇના હાથમા ધારીયુ હતું તેમણે તેમના પપ્પાને પગમા ધારીયુ મારેલુ. નીરુએ તેમના પપ્પાને ડાબા હાથમા લાકડી મારેલી. આ સિવાય બીજા બે જણ હતા તેમણે પણ તેમના પપ્પાને મારેલુ. ત્યારપછી પાડોશીઓ આવી જતા તેમણે તેમના પપ્પાને છોડાવેલા. પછી તેઓએ બારણુ બંધ કરી દીધેલુ અને પછી ૧૮૧ નંબરમા ફોન કરેલો. ફોન કરતા પોલીસની ગાડી આવેલી.

ત્યારબાદ તેઓ ગાડીમા બેસી પાળીયાદ પોલીસ સ્ટેશને ગયેલા અને કેસ દાખલ કરેલો જેમા તેમના પપ્પાએ ફરિયાદ આપેલી અને પોલીસે તેણીની પુછપરછ કરેલી. આ બનાવ બાબતે કોર્ટમાં તેમની જુબાની તેણીએ આપેલી અને તેણીએ જજ સાહેબને નિવેદન લખાવેલુ. જજ સાહેબે તેણીનું કોર્ટમા નિવેદન લીધેલુ તેમા તેમની સહી લીધેલી. સદરહુ નિવેદન ભોગબનનારને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૧૬ થી રજુ રાખેલ છે.

તમારો હાથ નીરુએ પકડી લીધેલો તે વખતે તમારા પપ્પા સિવાય બીજુ કોણ હતુ? તેના જવાબમા જણાવે છે કે, એ વખતે તેમના પપ્પા સિવાય બીજુ કોઇ આવેલુ ન હતુ. આ હાથ પકડયો તે બનાવ કયારે બનેલો? તેના જવાબમા જણાવે છે કે, સ્કુલથી છુટીને આવતી હતી તે વખતે બનેલો. હાથ પકડવાનો બનાવ બનેલો તે પહેલા નીરુ સાથે કઇ બનેલુ? તેના જવાબમા જણાવેલ કે, આશરે બનાવના ૧૫ થી ૨૫ દિવસ પહેલા તેણે તેમને એવુ કહેલુ કે, જો તું મારી સાથે નહી બોલે તો તારા મમ્મી–પપ્પાને મારી નાખીશ. આ નીરુ સ્કુલમા છુટ્ટી થાય ત્યારે તથા રીસેષ પડે ત્યારે મોટો ઢોરો છે ત્યા ઉભો રહી તેમને જોતો રહેતો હતો અને તેઓ તેના તરફ ન જોવ તો તે તેના હાથ લાંબા કરતો હતો. આ બાબતે તેણીએ તેમના શિક્ષક લલીત સાહેબને વાત કહેલી અને તેમણે તેમના પપ્પાને નીરુ તેમને હેરાન કરે છે તે વાત જણાવેલી. તેણી નીરુને તેની સાથે આવેલ તેના મીત્ર જેને કુકડા તરીકે ઓળખે છે તેને, નીરુના પપ્પા ભરતભાઇને તથા તેણીના ઘરે નીરુ અને તેના પિતા સાથે મારવા આવેલ અવસરભાઇ અને મોતીભાઇને તેણી ઓળખે છે. તેણીને તેણીના પપ્પાને જે હથિયાર વડે આરોપીઓએ માર મારેલો તે હથિયારો તેણી અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➡ આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, ‘તેણીને એવો ડર લાગેલો કે તે તેણીની સાથે કઇંક ખરાબ કામ ન કરે.’ તેમના ઘરની આજુ બાજુમા ઘણા રહેણાંકના મકાનો આવેલા છે.

<u>**ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકનઃ**</u>

– આ કામના ભોગબનનારની સમગ્ર જુબાની જોતાં આ કામના

આરોપી નં. ૧ નાઓ દ્વારા ભોગબનનાર સ્કુલમાં અભ્યાસ કરવા જતા હતા ત્યારે સ્કુલથી પરત આવતી વખતે આરોપી નં.૧ એ અવારનવાર તેની છેડતી કરેલી અને હાથ પકડી ખેચવાનો પ્રયત્ન કરેલો. જે અંગે આરોપી નં. ૧ ના પિતાને ઠપકો આપવા છતા તમામ આરોપીઓ ફરિયાદીના ઘરે આવીને તેમને લાકડી તથા ધારીયા વડે ઈજા કરેલી તેમજ આરોપી નં. ૩ તથા ૪ નાઓ દ્વારા તેના પિતાને માર પણ મારવામાં આવેલ. આ હકીકત સંબંધે આરોપી તરફે થયેલી ઉલટતપાસ જોતા એવી કોઈ હકીકત પુરવાર થતી નથી કે જેના કારણે તેઓની જુબાની ઉપર શંકા ઉપસ્થિત થાય. વિશેષમાં, ભોગબનનાર દ્વારા આંક – ૧૬ અન્વયે સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળ નિવેદન આપવામાં આવેલ છે, તેમાં પણ બનાવની તમામ હકીકતો સંબંધે ભોગબનનારે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, બોટાદનાઓ સમક્ષ તમામ હકીકતો જણાવેલી છે. તે સંજોગોમાં ભોગબનનારની જુબાનીના આધારે આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર થાય છે.

૧૨.) ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ લલીતભાઈ ભગાભાઈ ડાંગરને આંક – ૧૮** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના આગલા દિવસે તેમના ધોરણ ૬ ના વર્ગની વિદ્યાર્થીનીઓ તેમની પાસે ફરિયાદ કરવા આવેલી કે, આ વર્ગમાં ભણતી ભોગ બનનાર વિદ્યાર્થીનીને કોઈ છોકરો ઝાડીની પાછળ લઈ જાય છે અને ફોટા પાડતા હોવાની હકીકત તેમને જણાવેલી અને છોકરીઓએ વધુમાં કીધેલું કે, તેઓ ત્યાંથી નિકળે તો છોકરો ખીજાય છે અને પાણા મારે છે. તેથી તેમણે ભોગબનનાર વિદ્યાર્થીને બોલાવેલી અને તેને પૂછતા તે શરૂઆતમાં ડરી ગયેલી લાગતી હતી. તેણે સારી રીતે પૂછતા તેણે તેમને જણાવેલું કે, તેમની બાજુમાં રહેતો નીરૂ નામનો છોકરો તેમને હેરાન કરે છે. તેઓએ તેને કહેલું કે આ બાબતની તે તારા ઘરે જાણ કેમ ન કરી ત્યારે તેણે જણાવેલું કે, આ છોકરો તેના હાથ ઉપર ચેકા મારીને તેમને બતાવતો અને કહેતો હતો કે "જો મારા હાથ ઉપર આવા ચેકા છે તો હું તારા મમ્મી પપ્પાને શું કરી શકું?" આમ કહી ધમકાવતો હતો તેમ જણાવેલું. આ બાબતે ભોગબનનાર વિદ્યાર્થીની એ તેમને કહેતા તેમણે તેના વાલી પિતાને બપોરે ૧૨:૦૦ વાગે

ફોન કરી સ્કૂલે બોલાવેલા અને મનીષા સાથે શું બને છે તેની તેમણે વિગતવાર તેના વાલીને વાત કરેલી. ત્યારપછી ભોગબનનાર વિદ્યાર્થીનીને તેના માતા- પિતામાંથી કોઈ દરરોજ સ્કૂલે લેવા મુકવા આવતા હતા. ત્યાર પછી તેઓ રજા ઉપર ગયેલ હતા અને રજા પરથી પરત આવ્યા ત્યારે તેમની સાથેના શિક્ષક વિનુભાઈ મારફતે જાણવા મળેલું કે, તેઓ ભોગબનનાર દીકરીના પિતા સાથે સ્કૂલેથી છૂટીને જતા હતા તે વખતે વાત કરતા હતા તે દરમિયાન આરોપીના પક્ષના લોકો દ્વારા તેમના ઉપર હુમલો કરવામાં આવેલ અને મારામારી થયેલ. ત્યારબાદ ભોગબનનાર વિદ્યાર્થીના પિતા પણ તેમની પાસે આવ્યા હતા અને તેઓએ પણ તેમને બનાવ બાબતે વાત કરેલી.

➞ આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, પીડિતા વિદ્યાર્થીની સાથે કે તેના માતા પિતા સાથે બનેલા કોઈ બનાવની હકીકત તેઓએ તેમની નજરે જોયેલી નથી. તેઓએ આરોપીને નજરે જોયો નથી. જે વખતે બનાવ બન્યાનું તમે જણાવો છો તે વખતે તમારી સ્કૂલનો સમય શું હતો? તેના જવાબમાં સાહેદે જણાવેલ કે, સવારે ૧૧:૦૦ વાગે સ્કૂલ શરૂ થાય અને પાંચ વાગ્યે પૂરી થાય. તેઓએ તેમના પોલીસ રૂબરૂના જવાબમાં "બનાવના આગલા દિવસે તેમના ધોરણ ૬ ના વર્ગની વિદ્યાર્થીનીઓ તેમની પાસે ફરિયાદ કરવા આવેલી કે, આ વર્ગમાં ભણતી ભોગ બનનાર વિદ્યાર્થીનીને કોઈ છોકરો ઝાડી ની પાછળ લઈ જાય છે અને ફોટા પાડતા હોવાની હકીકત તેમને જણાવેલી અને છોકરીઓએ વધુમાં કીધેલું કે, તેઓ ત્યાંથી નીકળે તો છોકરો ખીજાય છે અને પાણા મારે છે." એવી હકીકત લખાયેલી નથી. તેઓએ તેમના પોલીસે રૂબરૂના નિવેદનમાં, "તેણે સારી રીતે પૂછતા તેણે તેમને જણાવેલું કે, તેમની બાજુમાં રહેતો નીરુ નામનો છોકરો તેમને હેરાન કરે છે. તેઓએ તેને કહેલું કે આ બાબતની તે તારા ઘરે જાણ કેમ ન કરી ત્યારે તેણે જણાવેલું કે, આ છોકરો તેના હાથ ઉપર ચેકા મારીને મને બતાવતો અને કહેતો હતો કે "જો મારા હાથ ઉપર આવા ચેકા છે તો હું તારા મમ્મી પપ્પાને શું કરી શકું?" આમ કહી ધમકાવતો હતો તેમ જણાવેલું." તેવી હકીકત લખાવેલી નથી.

**ભોગબનનારની શાળાના શિક્ષકના પુરાવાનુ મુલ્યાંકનઃ**

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ ભોગબનનારની

સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતાં અને ભોગબનનાર દ્વારા આ કામના આરોપી અવારનવાર તેણીની છેડતી કરી ફોટા પાડતા હોવાની હકીકત જણાવેલી અને અવારનવાર હાથે ઈજા કરીને ધમકી આપેલી. જે અંગે આ સાહેદે ફરિયાદીને જાણ કરેલી. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બનાવની હકીકત નજરે જોયેલી નથી પરંતુ ભોગબનનાર દ્વારા તેઓને આરોપી નં. ૧ હેરાન કરતા હોવાની હકીકત જણાવેલી છે. તે સંજોગોમાં તેઓ દ્વારા પોલીસ રૂબરૂના નિવેદનમાં તમામ હકીકતો જણાવવામાં આવેલ નથી તે અંગે સાહેદે તે હકીકતનો સ્વીકાર કરેલ છે. પરંતુ સાહેદની જુબાની દ્વારા ફરિયાદી તથા ભોગબનનાર દ્વારા કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર જે હકીકતો જણાવવામાં આવેલી છે તેને સમર્થન પ્રાપ્ર થાય છે.

૧૩.) ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૪ જૈમીનભાઈ હિતેન્દ્રભાઈ ચૌહાણને આંક – ૧૯** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ વિછીયા ગ્રામ પંચાયતમાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવે છે. સાહેદને વિછીયા ગ્રામ પંચાયત કચેરીનો તારીખ ૦૧/૦૫/૨૦૨૩ ના રોજ લખવામાં આવેલો દાખલો તથા ભોગબનનારની જન્મ તારીખનું વીંછીયાના રજીસ્ટ્રાર જન્મ તથા મરણની સહી અને પંચાયતના રાઉન્ડ સીલવાળું અસલ પ્રમાણપત્ર બતાવતા, તે પ્રમાણપત્ર જે તે વખતે તેમની પંચાયતમાં તેમના પુરોગામી તલાટી કમ મંત્રીશ્રી એ આપેલું તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. જે આ કામે આંક – ૨૦ તથા ૨૧ થી રજુ રાખેલ છે. વધુમાં, સાહેદે પંચાયતના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં તારીખ ૦૧/૧૧/૨૦૧૧ ના રોજ ભોગબનનારના માતાપિતાની નામ, જાતિ, જન્મ સ્થળ, માતા તથા પિતાનું નામ અને કાયમી સરનામું સહિતની વિગતો નોંધવામાં આવેલ છે. જેમાં પીડિતાની જન્મ તારીખ ૧૯/૧૦/૨૦૧૧ હોવાનું નોંધાયેલ છે. આ નોંધણી રજીસ્ટરમાં અનુક્રમ નંબર ૧૭૩૮ થી થયેલી છે. જે અસલ રજીસ્ટર આંક – ૨૨ થી રજુ રાખેલ છે.

➡ આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, પીડિતાની જન્મની નોંધ જ્યારે તેમની પંચાયતમાં કરવામાં

આવી ત્યારે તેઓ પંચાયતમાં ફરજ પર ન હતા. તેમની પંચાયતના નોંધણી રજીસ્ટરમાં ભોગ બનનારનું નામ બાળકના નામના કોલમમાં પાછળથી લખવામાં આવેલું છે. સાહેદ જણાવે છે કે, બાળકના જન્મની નોંધ હોસ્પિટલના રેકોર્ડમાંથી માહિતી આવતા તે માહિતી મુજબ થઈ જાય છે જેમાં બાળકના નામનું કોલમ ખાલી હોય અને માતા પિતા યોગ્ય સમયે આવીને બાળકનું નામ ત્યાં લખાવી શકે છે. જન્મ નોંધણી રજીસ્ટરમાં ભોગબનનારની જન્મની માહિતી ડોક્ટર વિશાલ .ડી .પટેલ તરફથી આપવામાં આવેલ હતી અને તેમાં ભોગબનનારના નામનો ઉલ્લેખ ન હતો.

**<u>સરકારી સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ દ્વારા ભોગબનનારની જન્મતારીખ સંબંધે વિછીયા ગ્રામ પંચાયતનું જન્મ નોંધણી રજીસ્ટર રજૂ કરવામાં આવેલુ છે. તે અન્વયે ભોગબનનારની જન્મતારીખ ૧૯/૧૦/૨૦૧૧ હોવાનું નોંધાયેલ છે. આ સાહેદ દ્વારા જાતે જન્મનોંધ કરવામાં આવેલ નથી. પરંતુ તેઓ દ્વારા રજૂ થયેલ રજીસ્ટર જાહેર દસ્તાવેજ છે અને તેમાં લખેલી વિગતો સંબંધે અન્યકોઈ શંકાસ્પદ હકીકતો આરોપીપક્ષ દ્વારા રજુ થયેલ નથી. તે સંજોગોમાં ભોગબનનારની જન્મતારીખ ૧૯/૧૦/૨૦૧૧ ની હોવાનું પુરવાર થાય છે.

**૧૪.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૫ ડો. સચ્ચીદાનંદ સીતારામ પ્રસાદ આંક – ૨૪** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજ પાળીયાદ સી.એચ.સી. ખાતે તેમની ફરજ પર હતા તે વખતે તેઓ સમક્ષ સારવાર માટે સંતોષભાઈ બાલાભાઈ ભોજૈયા, ઉ.વ.૩૫, રહે.સરવા નાઓ તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૨૦ કલાકે સારવાર માટે આવેલા તેમને પુછતા તેમણે જણાવેલુ કે, તેમને મોતીભાઈ ભરતભાઈ અને બીજાઓએ તા.૨૯/૦૩/૨૦૨૩ ના સાંજના ૦૫:૩૦ કલાકે ઘર પાસે લાકડીઓ વડે મારેલ છે. દર્દીને તપાસના ઈજા નં.૧ જમણા હાથના કાંડા ઉપર સોજો હતો. ઈજા નં.૨ ડાબા પગના નીચેના ભાગે સોજો હતો. દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા. દર્દીએ જણાવેલ ઈતિહાસ મુજબ એમ.એલ.સી. કેસ થતો હોય તેમણે એમ.એલ.સી. નંબર ૧૭૦ થી કેસ પેપર્સમા નોંધ કરેલી. ત્યારબાદ પોલીસ

દ્વારા સારવારનું પ્રમાણપત્ર માગવામાં આવતા તેઓએ સારવારનું પ્રમાણપત્ર આપેલુ. તેમજ આ દર્દીને હાયર સેન્ટર પર ઓર્થોપેડીક નિદાન તથા સારવાર માટે ટ્રાન્સફર કરેલા. સાહેદને તેમની હોસ્પિટલમાં લખવામાં આવેલ યાદી તથા એમ.એલ.સી. સર્ટીફિકેટ બતાવતા તેમાં પોતાની સહી તથા હોદ્દાનો સિક્કો ઓળખી બતાવે છે. જે આંક–૨૫ તથી ૨૬ થી રજુ રાખેલ છે. સાહેદને મુદ્દામાલ લાકડીઓ બતાવતા દર્દીને સદર ઈજાઓ તે લાકડીઓથી સંભવી શકે તેવી હતી.

➡ આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ઓર્થોપેડીક ઓપીનીયન સિવાય કહી શકે નહી કે આ દર્દીને થયેલી ઈજાઓ સામાન્ય હતી કે કેમ. દર્દીને થયેલી ઈજાઓ દોડાદોડીમાં પડી જવાથી અથવા કોઇ વાહન પરથી પડી જવાથી થઇ શકે તેવી ઈજા હતી. તમે પોલીસ યાદી કરી આ બાબતની પોલીસને ખબર આપેલી? તેના જવાબમાં સાહેદે જણાવેલ કે, હા તેમણે પોલીસને ખબર આપેલી. પછી તે દિવસે પોલીસ આવેલી? તેના જવાબમા જણાવે છે કે, તેમણે જાણ કરતા પોલીસ આવેલી પરંતુ દર્દીને ભાવનગર રીફર કરેલ હોય તે જતા રહેલા હતા. તેઓએ તેમના એમ.એલ.સી. સર્ટીફીકેટમાં ઈજા કેવી રીતે થઇ શકે તે દર્શાવેલ નથી.

**<u>તબીબી અધિકારીશ્રીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ દ્વારા ફરિયાદીની સારવાર કરવામાં આવેલી છે, જેમાં આ કામના આરોપીઓએ તેઓને લાકડીઓ વડે ઈજા કરેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદીને જમણા હાથે તથા ડાબા પગ ઉપર ઈજા હતી તે સંબંધે આ સાહેદે જણાવેલ છે કે, આ કામે રજૂ થયેલ મુદ્દામાલવાળી લાકડીઓથી આ ઈજા સંભવી શકે તેમ છે. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતાં આ ઈજાઓ પડી જવાથી પણ થઈ શકે તેવુ જણાવેલ છે. પરંતુ અન્ય તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતાં આ કામના આરોપીઓએ ફરિયાદીને લાકડી વડે જમણા હાથે તથા ડાબા પગે ઈજાઓ કરેલ હોવાનુ શંકારહિત પુરવાર થાય છે.

**<u>પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

૧૫.) ત્યારબાદ ફરિયાદપક્ષે આ કામે **આંક–૨૭ થી સાહેદ નં. ૦૬**

**પંચ રણજીતભાઈ હઠીભાઈ ચૌહાણને** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓ તેમના પુરાવામાં આંક–૨૮ થી ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

→ જ્યારે આરોપીઓના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓએ તૈયાર કાગળમાં સહી કરેલી. સહી સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતાં તેઓની હાજરીમાં પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કર્યુ હોય તેવુ આ સાહેદ જણાવતા નથી અને માત્ર તૈયાર કાગળોમાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તેઓએ આંક–૨૮ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પોલીસે તેઓને પાળીયાદ પોલીસ સ્ટેશન શા માટે બોલાવેલા તે આ સાહેદ જણાવી શકતા નથી તે બાબત શંકાસ્પદ જણાય છે. તે સંજોગોમાં આંક – ૨૮ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી દ્ધારા તૈયાર કરવામાં આવેલ હોય તેને ન માનવાને કોઈ કારણ જણાતુ નથી અને માત્ર પંચસાહેદના ફરી જવાથી તેમાં જણાવેલી હકીકતોને અવગણી શકાય નહી.

**૧૬.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૭ પંચ દીલીપભાઈ રાયસંગભાઈ ચૌહાણને આંક – ૨૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ ટાકે પાણી વાળતા હતા તે વખતે પોલીસે તેમને ફરીયાદીના ઘર પાસે બોલાવેલ. ત્યાં ફરીયાદી અને પોલીસના સાહેબ હાજર હતા. ત્યા પંચનામુ કરવાનું હતું તે વિસ્તાર ઉપલો પ્લોટ હતો ત્યા પાણીનો ટાકો તથા એક બાજુ ધાવડી માતાજીનુ મંદીર આવે છે અને બીજી બાજુ રસ્તો આવેલ છે ત્યા ફરીયાદીનુ ઘર હતુ. તે બજાર ૨૦ ફુટની હતી. સાહેદને આંક–૨૮ વાળુ પંચાનામુ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે વખતે અન્ય પંચ રણજીતભાઈ પણ હતા.

→ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, સદર પંચનામુ શી બાબતનું હતું તેની તેમને ખબર નથી. તેઓ સહી કર્યા બાદ જતા રહેલા અને ત્યારબાદ બીજા પંચ ક્યારે આવેલા તેની તેમને ખબર નથી. બનાવ અંગે તેઓ કઇ જાણતા નથી.

– ઉપરોક્ત સાહેદની સમગ્રપણે જુબાની જોતાં તેઓ દ્વારા આંક–૨૮ વાળા પંચનામાની હકીકતોને સોગંદ ઉપર સમર્થન કરવામાં આવેલ છે અને તેઓની હાજરીમાં પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. જો કે આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓના જણાવ્યા અનુસાર આ પંચનામુ શી બાબતનું હતું તેની તેઓને ખબર નથી. આ બનાવ અંગે તેઓ કોઈ હકીકત જાણતા નથી. તે સંજોગોમાં આ પંચસાહેદની જુબાનીમાં વિરોધાભાસી હકીકતો જણાય છે. તપાસ કરનાર અધિકારી દ્વારા આ પંચનામુ તૈયાર કરવામાં આવેલ છે અને કેટલેક અંશે આ પંચસાહેદે તેમાની હકીકતોને સોગંદ ઉપર સમર્થન કરેલ છે. જે પંચનામાની હકીકતોને અવગણી શકાય તેમ નથી.

**૧૭.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૮ પંચ વશરામભાઈ બચુભાઈ અણીયાળીયાને આંક – ૩૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આજ થી આશરે દોઢ વરસ તા.૩૧/૦૩/૨૩ ના રોજ સી.પી.આઇ. કચેરી બોટાદ ખાતે પોલીસે તેઓને બોલાવેલા. તે વખતે તેઓ તથા તેમની સાથે ઉમેદસિંહ ગોહિલ પણ હતા. આ પંચનામુ ઝઘડો કરેલ તે બાબતનું હતું તેમજ હથિયાર લાકડીઓ રજુ કરતા હોય અને આરોપીઓને અટક કરવાના હોય તેનુ પંચનામુ હતુ. ત્યા પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ હતા. તે વખતે ત્યા ભરતભાઇ નાનજીભાઇ ભોજૈયા, નીરુભાઇ ભરતભાઇ ભોજૈયા, મોતીભાઇ ભરતભાઇ તથા અવસરભાઇ ભરતભાઇ હાજર હતા આ તમામ આરોપીઓ પાસેથી પોલીસે હથીયાર કબજે કરેલા જેમા ત્રણ આરોપી પાસે લાકડી અને એક આરોપી પાસે ધારીયુ હતુ. સાહેદને આંક – ૩૨ થી રજુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ પંચ–૧ તરીકે ઉમેદસિંહ ગોહિલની સહી ઓળખી બતાવે છે. સાહેદને તેઓ રૂબરૂ કબજે કરેલ મુદ્દામાલ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ તે

અંગેની પંચસ્લીપોમાં પણ પોતાની સહીઓ ઓળખી બતાવે છે જે આંક – ૩૩ થી૩૬ સુધી રજુ રાખેલ છે.

➡ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેમને પંચમા બોલાવવા માટે પોલીસ આવેલી તે વખતે તેઓ સરવા ગામે તેમના ઘર પાસે હતા તે વખતે અંદાજીત સવારના ૧૧.૦૦ વાગ્યા હશે. ત્યારબાદ તેઓ સી.પી.આઇ. કચેરી બોટાદ ખાતે આવેલા જે રેલ્વે સ્ટેશન પાસે આવેલી છે. ત્યા સાહેબે પંચનામુ કરેલુ. જે સ્ટેશન રોડ પર ફાટક આવેલુ છે ત્યા ગયેલા. તે વખતે ૩.૨૦ કલાકનો સમય થયેલો.

૧૮.) ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૯ પંચ ઉમેદસિંહ ભીમજીભાઈ ગોહિલને આંક – ૩૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજ તેમને તથા વશરામભાઇ અણીયાળીયાને પંચ તરીકે રહેવા માટે પાળીયાદ પોલીસે પોલીસ સ્ટેશને બોલાવેલા. તે વખતે શાળામાં એક ભોગબનનાર સાથે છેડછાડ થયેલી હતી તે કામમા પંચનામુ કરવાનું હોય જેથી બોલાવેલા. તે વખતે પોલીસ સ્ટેશનમાં તેઓ તથા વશરામભાઇ અને આરોપીઓ ભરતભાઇ, નીરુભાઇ, અવસરભાઇ અને મોતીભાઇ હાજર હતા. પોલીસે તેઓને આરોપીઓ પાસેથી કબજે લીધેલ લાકડીઓ તથા ધારીયુ બતાવેલ. તે વખતે આઠ કાતળીવાળી લાકડી પોલીસે નીરુભાઇ પાસેથી કબજે લીધેલી જે વાંસની હતી અને ધારીયુ ભરતભાઇ પાસેથી કબજે લીધેલ અને બીજા બે લોકો પાસે પણ લાકડીઓ હતી. તેઓને આંક–૩૨ વાળુ પંચનામુ બતાવતા, તેમાં પંચ નં.૧ તરીકે પોતાની તેમજ પંચ–૨ તરીકે વશરામભાઈની સહી ઓળખી બતાવે છે. સાહેદને તેઓ રૂબરૂ કબજે કરેલ મુદ્દામાલ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ તે અંગેની પંચસ્લીપોમાં પણ પોતાની સહીઓ ઓળખી બતાવે છે જે આંક – ૩૩ થી૩૬ સુધી રજુ રાખેલ છે.

➡ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, નીરૂભાઈ ભરતભાઇને ઢીચણના ભાગે તથા જમણી આંખ પાસે તથા ડાબા હાથની વચ્ચેની આંગળીઓ પર ઈજાના નિશાન જોવામા આવેલ છે તેવુ પંચનામામા લખાવેલુ. ભરત નાગરને માથામાં કપાળના ભાગે

સફેદ પાટો બાંધેલ હોવાનું જોવામા આવે છે. ઘણો સમય થયો હોય પંચનામા અંગે યાદગીરી નથી. તેમને હેમુભાઇ પોલીસ વાળાએ પંચમા રહેવા માટે બોલાવેલા તે વખતે તેઓ તેમના ઘર પાસે હતા. તેઓને સરવા ગામથી પાળીયાદ મુકામે બોલાવેલા. તે વખતે દિવસના ચાર વાગ્યા હશે. તેમને પોલીસ સ્ટેશન પહોચતા અડધો કલાક થયેલો.

– ઉપરોક્ત બંને સાહેદોની સમગ્રપણે જુબાની જોતાં તેઓની હાજરીમાં આરોપીઓએ લાકડી તથા ધારીયુ રજુ કરેલ, જે અંગેનું પંચનામુ કરવામાં આવેલું. આ પંચસાહેદો દ્વારા તમામ મુદ્દામાલ ઓળખી બતાવવામાં આવેલ છે તેમજ આરોપીઓની પણ કોર્ટ રૂબરૂ ઓળખ કરવામાં આવેલી છે. આ પંચસાહેદો દ્વારા જે કોર્ટ રૂબરૂ જુબાની આપવામાં આવેલી છે તેમાં પંચનામાની તમામ હકીકતો અંગે જે હકીકતો જણાવવામાં આવેલી છે તે અંગે આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતા કોઈ શંકા ઉપસ્થિત થતી નથી. તે સંજોગોમાં આંક – ૩૨ વાળુ પંચનામુ શંકારહિત સાબિત થાય છે.

૧૯.) ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૦ યોગેશભાઈ શંકરભાઈ દલવાડીને આંક – ૪૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી બોટાદમાં ડી.એમ. શાખામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે. તેઓએ ગુજરાત પોલીસ અધિનીયમની કલમ–૩૭ અન્વયેના તેમની કચેરીના જાહેરનામાના રેકર્ડમાંથી તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ કાઢવામાં આવેલ જાહેરનામાની પ્રમાણીત નકલ રજુ રાખેલ છે. જે મુજબ તા.૦૯/૦૩/૨૦૨૩ થી તા.૦૮/૦૪/૨૦૨૩ સુધી બન્ને દિવસો સહિત માટે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭(૧) અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ દ્વારા હથિયારબંધીનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલુ હતું જેને યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલું. આ સાહેદે જાહેરનામાની પ્રમાણિત નકલ તથા તે સાથેના દસ્તાવેજો સંયુકત રીતે આંક–૪૨ થી રજુ રાખેલ છે.

➡ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ જાહેરનામાની પ્રસિદ્ધી ક્યા ક્યા સ્થળે કરેલી તેની કોઇ માહિતી નથી.

<u>**સરકારી (હથિયારબંધી જાહેરનામા)ના સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ**</u>

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ દ્વારા બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હતું તે અંગેના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા અને તે મુજબ તા.૦૯/૦૩/૨૦૨૩ થી તા.૦૮/૦૪/૨૦૨૩ સુધી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદનાઓ દ્વારા હથિયારબંધીનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલુ તે હકીકત પુરવાર થાય છે. જો કે જાહેરનામાની પ્રસિદ્ધિ ક્યા ક્યા સ્થળે કરવામાં આવેલી તેની તેઓને કોઈ અંગત માહિતી નથી. પરંતુ આ તમામ દસ્તાવેજો જાહેર દસ્તાવેજો હોય અને પ્રોપર કસ્ટડીમાંથી રજૂ થતા હોય તેને ન માનવાને કોઈ કારણ જણાતું નથી.

**૨૦.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૧ યોગરાજસિંહ અનિરૂદ્ધસિંહ ઝાલાને આંક – ૪૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ તેઓ પાળીયાદ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદી તેમની ભોગબનનાર દિકરી સાથે જે બનાવ બનેલી તેની ફરિયાદ તેઓ રૂબરૂ જાહેર કરતા તેઓએ લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી અને તેમની સહી તેઓના રૂબરૂપણામાં લીધેલી. જે ફરિયાદ આ કામે આંક–૧૪ થી રજુ છે જે તેઓ ઓળખી બતાવે છે. સદરહુ ફરિયાદ મુજબનો ગુન્હો તેઓએ જાતે રજીસ્ટર કરેલો અને તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી. ત્યારબાદ સદર ગુન્હાની તપાસ સી.પી.આઈ. બોટાદને સોંપવા હુકમ કરેલો. જે હુકમ તેઓને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક – ૪૫ થી રજુ રાખેલ છે.

→ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ફરિયાદ લીધા સિવાય બીજી કોઇ કામગીરી તેઓએ કરેલ નથી. ફરીયાદી સાથે બીજા માણસો આવેલા.

<u>**ફરિયાદ લેનાર સાહેદના પુરાવાનું મુલ્યાંકનઃ**</u>

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓની હાજરીમાં આ કામના ફરિયાદીએ આંક – ૧૪ વાળી ફરિયાદ આપેલ છે જે સંબંધે તેઓએ ગુનો રજીસ્ટર કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી અને સી.પી.આઈ., બોટાદનાઓને તપાસ સોંપેલી. આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,

ફરિયાદીની સાથે આવેલ માણસોએ ફરિયાદ લખાવેલી. તે સંજોગોમાં તેઓ દ્વારા માત્ર ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલી છે અને ફરિયાદીએ તેઓની રૂબરૂમાં આ ફરિયાદ દાખલ કરેલ હોવાનું પુરવાર થાય છે.

૨૧.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૨ તપાસ કરનાર અધિકારી શૈરીન રમેશભાઈ ખરાડીને આંક – ૪૭ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ના અરસામાં આ સાહેદ સી.પી.આઈ. બોટાદ તરીકે પોતાની ફરજ પર હાજર હતા ત્યારે પાળીયાદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૨૮/૨૦૨૩ ના કામની તપાસ તેઓને પી.એસ.આઈ. પાળીયાદ તરફથી મળતા તેઓએ તપાસ સંભાળેલી જે તપાસ સંભાળવાની યાદી આ કામે આંક–૪૫ થી રજૂ છે. આ કામે ફરિયાદી બનાવવાળી જગ્યા બતાવતા હોય બે પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલું, સદરહુ સાહેદને બનાવ વાળી જગ્યાનું પંચનામું બતાવતા, તેમાં પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવી આંક–૨૮ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ ભોગબનનારના જન્મ અંગેની ખરાઈ કરવા પો.સ.ઈ. પાળીયાદને યાદી કરેલી. આ સાહેદને ભોગ બનનારના જન્મ અંગેની ખરાઈ કરવા પો.સ.ઈ. પાળીયાદને કરેલી યાદીની ઝેરોક્ષ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૮ થી રજૂ રાખેલ છે. સદરહુ યાદીના અનુસંધાને ભોગબનનાર જન્મના દાખલાની ખરાઈ કરી ત.ક.મ. વિંછીયાનાઓએ યાદી સાથે પ્રમાણપત્ર પાળીયાદ પોલીસને સુપરત કરેલ જે યાદી તથા પ્રમાણપત્ર આ કામે આંક–૨૦ તથા ૨૧ થી રજૂ છે. ત્યારબાદ ભોગબનનારનું નિવેદન તેઓએ તથા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સિલર દ્વારા લેવામાં આવેલ. કાઉન્સિલર તરફથી નિવેદન તેઓને મોકલી આપેલ. આ સાહેદને કાઉન્સિલર તરફથી મોકલી આપેલ ભોગબનનારનું નિવેદન બતાવતા, તેમાં કાઉન્સિલર રીના વ્યાસની સહી ઓળખી બતાવી આંક–૪૯ થી રજૂ રાખેલ છે.

ત્યારબાદ આરોપીઓ મળી આવતા આરોપીઓને અટક કરેલા અને ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયારો વાંસની ત્રણ લાકડી તથા લોખંડનું એક ધારીયું કબજે લીધેલ અને તે અંગેનું પંચનામું કરેલું. સદરહુ સાહેદને

ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયારો વાંસની ત્રણ લાકડી તથા લોખંડનું એક ધારીયું કબજે લીધા અંગેનું પંચનામું બતાવતા, તેમાં પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવી આંક–૩૨ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ આરોપીની અટક બદલની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પી.એસ.ઓ.ને યાદી કરેલી. જે આરોપીની અટક બદલની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પી.એસ.ઓ.ને કરેલી યાદી તેઓને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૫૦ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ ભોગ બનનાર બનાવના દિવસે શાળાએ ગયા હતા તે બાબતનો પુરાવો મેળવવા માટે તેઓની સરવા પ્રા. શાળાનું માર્ચ–૨૦૨૩નું હાજરી પત્રક મેળવેલ. સદરહુ  સાહેદને સરવા પ્રા. શાળાનું માર્ચ–૨૦૨૩ નું હાજરી પત્રક બતાવતા, તેમાં આચાર્યશ્રીની સહી તથા સિક્કા ઓળખી બતાવી આંક–૫૧ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા માટે નામદાર ચીફ કોર્ટમાં યાદી કરેલી. જે યાદી તેઓને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૫૨ થી રજૂ રાખેલ છે. સદરહું યાદી અન્વયે નામદાર ચીફ કોર્ટ દ્વારા નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ, બોટાદ સમક્ષ સદરહું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા માટે જવાનો હુકમ થયેલ હોય જેથી તે મતલબની યાદી નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ બોટાદને કરેલી, જે યાદી તેઓને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૫૩ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ બનાવ સમયે મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બોટાદનું હથિયારબંધી જાહેરનામું અમલમાં હતું જે મેળવી આ કામે સામેલ રાખેલ જે આંક–૪૨ થી રજૂ છે જેમાં અધિક કલેક્ટર શ્રી મુકેશ પરમારની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ આરોપીઓ વિરૂદ્ધ પૂરતો પુરાવો જણાતા નામદાર અદાલતમાં ચાર્જશીટ કરેલું. સદરહુ સાહેદને આ કામે કબજે લીધેલ મુદ્દામાલ બતાવતા તે તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. આરોપીઓને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

→ જ્યારે આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા  કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ  જણાવે છે કે, ફરિયાદમા એવી હકીકત લખાવેલ છે કે, 'મારા પત્નીએ ૧૮૧ મા ફોન કરતા પોલીસની ગાડી આવતા તેમા પાળીયાદ આવ્યા હતા અને મારા સગા સુરત મુકામે રહે છે તેમની સાથે ચર્ચા કરીને મારે

ફરિયાદ લખાવવી હોય જેથી અમો ઘરે જતા રહેલા હતા.' ભોગબનનારને સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નિવેદન અપાવવા તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ લઈ ગયેલા. બનાવ તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ લઈ ગયેલા. આ નિવેદન મોડુ અપાવવાનું કોઈ કારણ તેઓ આપી શકે નહી.

**<u>તપાસ કરનાર અધિકારીના પુરાવાનું મુલ્યાંકનઃ</u>**

– ઉપરોક્ત તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની જોતાં તેઓ દ્વારા આ બનાવ સંબંધે યોગ્ય તપાસ કરી, જરૂરી મુદ્દામાલ કબજે લઈ, આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલું છે. તપાસ કરનાર અધિકારીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીના પત્નીએ તેમના સગા સાથે ચર્ચા કરીને ફરિયાદ લખાવવા જણાવેલુ. જો કે આ હકીકત માત્રથી ફરિયાદી દ્વારા દાખલ કરવામાં આવેલ ફરિયાદ ખોટી હોવાનું પુરવાર થતુ નથી. વિશેષમાં, ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળનું નિવેદન મોડુ લેવામાં આવેલુ, પરંતુ તે હકીકત માત્રથી પણ તેમાની હકીકતો ખોટી હોવાનું કહી શકાય નહી. ફરિયાદી તથા ભોગબનનાર દ્વારા કોર્ટ રૂબરૂની જુબાનીમાં તમામ હકીકતોનું સોગંદ ઉપર સમર્થન કરેલ છે અને આરોપીપક્ષ દ્વારા શંકા ઉપસ્થિત થતી કોઈ હકીકતો કોર્ટ રૂબરૂ લાવવામાં આવેલ નથી. તે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીશ્રીએ એક તરફી તપાસ કરી હોય તેવું જણાતુ નથી.

**૨૨.)** આરોપીઓ તરફે જે ચુકાદાઓ પર આધાર રાખવામાં આવેલ છે તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તથા નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા કોર્ટ રૂબરૂની જુબાનીમાં જ્યારે સાહેદો ખોટુ બોલતા હોય અને શંકા ઉપસ્થિત થતી જુબાની આપતા હોય ત્યારે તે સંબંધે આરોપીઓને શંકાનો લાભ આપવો જોઈએ તેવું જણાવેલ છે. પરંતુ હાલના કેસની હકીકતો જોતા ફરિયાદી તથા ભોગબનનાર દ્વારા કોર્ટ રૂબરૂની જુબાનીમાં જે હકીકતો જણાવવામાં આવેલી છે તે અંગે મેડિકલ પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થયેલ છે તેમજ અન્ય સાહેદોની જુબાનીને આધારે પણ ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરેલ છે ત્યારે આ ચુકાદાઓ આરોપીપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

હાલના કેસમાં ફરિયાદી, ભોગબનનાર તથા સાહેદોની જુબાની

વિશ્વસનીય અને સાતત્યપૂર્ણ જણાય છે. તે સંજોગોમાં તમામ હકીકતો લક્ષમાં લેતાં ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરવામાં આવેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ **અંશતઃહકાર**માં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u>**

**૨૩.)** ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં કરવામાં આવેલ ચર્ચાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ હોય, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

**૧.)** આરોપી નં. ૧) નીરૂભાઈ ભરતભાઈ ભોજૈયા, રહે. સરવા ગામ, તા.જી.બોટાદને ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૫૪(એ)(૧)(આઈ), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની કલમ-૭, ૮ તથા જી.પી. એક્ટ કલમ - ૧૩૫ મુજબના ગુનામાં સી.આર.પી.સી. કલમ - ૨૩૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨.)** જ્યારે ૨) ભરતભાઈ નાનજીભાઈ ઉર્ફે નાગરભાઈ ભોજૈયા, ૩)જગદીશભાઈ ઉર્ફે મોતીભાઈ ભરતભાઈ ભોજૈયા, ૪) અવસરભાઈ ઉર્ફે અવશેર ઉર્ફે પુપો ભરતભાઈ ભોજૈયા, તમામ રહે. સરવા ગામ, તા. જી. બોટાદ ને ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ - ૧૩૫ મુજબના ગુનામાં સી.આર.પી.સી. કલમ - ૨૩૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૩.)** આરોપીઓને સદર ગુના અન્વયે સજા બાબતે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૨ મી જુન, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)